ધીરજ અને ખંત અંગેની એક માન્યામાં ન આવે તેવી વાત જાણો છે? એક માણસે આ સાબિત કરી દેખાડ્યું.

એ જ્યારે સાત વર્ષનો હતો, ત્યારે કાયદાકીય ગૂંચને કારણે એના મા-બાપને ઘરમાંથી બહાર ધકેલી મૂકવામાં આવ્યાં હતાં અને તેમને ટેકો કરવા એને કામ શોધવું પડ્યું હતું.

નવ વર્ષની વયે, એની માનું અવસાન થયું અને બાવીસમા વર્ષે, એક દુકાનના ગુમાસ્તા તરીકેની તેણે નોકરી ગુમાવી દીધી. એને કાયદાનો અભ્યાસ કરવાની ઈચ્છા હતી. પરંતુ એ સારો અભ્યાસ પણ ન કરી શક્યો.

ત્રેવીસ વર્ષનો થયો ત્યારે એક નાનકડી દુકાનમાં ભાગીદારીમાં જોડાવા તેણે દેવામાં ફસાવું પડ્યું. છવ્વીસમા વર્ષે એનો ભાગીદાર પાછળ મોટું દેવું મૂકીને ગુજરી જતાં, તેને ચૂકવતાં વર્ષો લાગ્યાં. અઠ્યાવીસમાં વર્ષે, ચાર વર્ષથી પરિચયમાં આવેલી છોકરીને તેણે  પરણવા માટે પૂછ્યું, તો તેણે નન્નો ભણી દીધો!

સાડત્રીસ વર્ષની ઉંમરે, ત્રીજા પ્રયત્ને એ કોંગ્રેસમાં ચૂંટાઈ આવ્યો, પરંતુ બે વર્ષ પછી ફરી પાછો હારી ગયો.

એકતાલીસમા વર્ષે એનો ચાર વર્ષનો દીકરો ગુજરી ગયો. પિસ્તાલીસની વયે તે સેનેટ માટે ઊભો રહ્યો અને હાર્યો. સુડતાલીસમા વર્ષે, પોતાના પક્ષના ઉપપ્રમુખની ઉમેદવારીમાં હાર્યો. ઓગણપચાસમાં વર્ષે સંસદમાં જવા ઊભો રહી, તેણે ફરી હાર ખાધી. એકાવનમા વર્ષે એ અમેરિકાના પ્રમુખ તરીકે ચૂંટાયો.

એનું નામ અબ્રાહમ લિંકન! વિશ્વના મહાન નેતાઓમાંના એક!

ખંતપૂર્વક લાગ્યા રહેવાની કેવી પ્રેરક વાત! લિંકને પોતાના જીવનની અસફળતાઓને રસ્તા વચ્ચેના વિઘ્નરૂપ પથરા ન ગણ્યા, એણે તો એને પાયાના પથ્થર રૂપે જોયા.

આમાં તમારા માટે શો બોધપાઠ છે? પ્રેરણા અને પ્રોત્સાહન દ્વારા તમે પોતે પણ સામે આવી ઊભેલી મુશ્કેલીઓમાંથી રસ્તો કાઢી, તમારાં વિઘ્નોને પાર કરી શકો અને પ્રભુની સહાયથી છેક ટોચ સુધી પહોંચી શકો!

## Redeemer President



# ABRAHAM LINCOLN

જન્મ: 12-2-1809

મૃત્યુ : 14-4-1865

# ABRAHAM LINCOLN

**પ્રકાશક :**
સંસ્થા માહિતી વિભાગ
વિદ્યામંદિર ટ્રસ્ટ, પાલનપુર

**ઉપક્રમ:**
ગાંધીબુદ્ધ સ્વાધ્યાય કેન્દ્ર આયોજિત
'અબ્રાહમ લિંકન જીવન દર્શન પ્રકલ્પ વર્ષ'
(2010-11)

**સંપાદક અને સંકલક :**
ડૉ. રક્ષા મહેતા
પ્રાધ્યાપક (પી.ટી.સી. કોલેજ)
ભાનુપ્રસાદ પી. રાવલ
સંયોજક, ગાંધીબુદ્ધ-સ્વાધ્યાય કેન્દ્ર

| | | |
|---|---|---|
| 2001-02 | : | મહાત્મા ગાંધીજી |
| 2002-03 | : | સરદાર વલ્લભભાઈ પટેલ |
| 2003-04 | : | મહાવીર સ્વામી |
| 2004-05 | : | ભગવાન બુદ્ધ |
| 2005-06 | : | સ્વામી વિવેકાનંદ |
| 2006-07 | : | રવીન્દ્રનાથ ટાગોર |
| 2007-08 | : | મીરા |
| 2008-09 | : | સંત કબીર |
| 2009-10 | : | ડૉ. વિક્રમ સારાભાઈ |
| 2010-11 | : | અબ્રાહમ લિંકન |
| 2011-12 | : | વિઝન ગ્રીન -2011-12 |


Vidyamandir Trust, Palanpur
Taleybaug, Palanpur-385 001
Dist. Banaskantha (N Gujarat)
Tel: (02742) 250215
Fax: (02742) 265139
Email: centraloffice@vidyamandir.org
Web:www.vidyamandir.org


## પ્રાક્કથન

**હસમુખ મોદી**
કાર્યકારી નિયામક, વિદ્યામંદિર ટ્રસ્ટ, પાલનપુર.

વિદ્યામંદિર ટ્રસ્ટ, પાલનપુર સંચાલિત ગાંધીબુદ્ધ સ્વાધ્યાય કેન્દ્ર પ્રતિવર્ષ કોઈ એક મહાનુભાવના જીવનચરિત્રને કેન્દ્રમાં રાખીને વિવિધ પ્રવૃત્તિઓ યોજે છે. માનવજીવનના પથદર્શક આ મહાનુભાવોનો જીવન સંદેશ આપણા પ્રત્યેક વિદ્યાર્થી-અભિભાવક સુધી પહોંચે તેમજ આપણા સૌનું જીવન ઉન્નત બને એવા શુભ આશય સાથે આ કેન્દ્ર કાર્યરત છે.

ટ્રસ્ટ સંચાલિત તમામ સંસ્થાઓના વિદ્યાર્થીઓ આ કેન્દ્ર આયોજિત વિવિધ સ્પર્ધાઓ, પ્રવચનો, વાર્તાલાપો વગેરેમાં જોડાય છે. શાળાસ્તરે વિવિધ પ્રવૃત્તિઓ યોજીને તેમજ સંસ્થા મુખપત્ર 'નિષ્ઠા'ના માધ્યમથી આ મહાનુભાવોનાં જીવનકાર્યોની સુવાસ વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવામાં આવે છે. શાળાની પ્રાર્થના સભાઓમાં નિયમિત આ મહાનુભાવોના જીવનચરિત્ર પર આધારિત ફિલ્મ, નૃત્યનાટિકા વગેરેનું દર્શન વિદ્યાર્થી માટે રોચક અને પ્રેરણાદાયી બની રહે છે.

શાળામાં પ્રતિવર્ષ યોજાતા રંગોત્સવમાં પણ આ મહાનુભાવોને કેન્દ્રમાં રાખી વિશિષ્ટ કૃતિઓની રજૂઆત કરવામાં આવે છે. મહાનુભાવોના જીવનચરિત્ર પર આધારિત ક્વિઝ, લેખિત પરીક્ષાનું આયોજન પણ કરવામાં આવે છે.

આ સંસ્થાના ઉપક્રમે વર્ષ 2010-11માં અબ્રાહમ લિંકનનો જીવન સંદેશ આપણે પ્રાપ્ત કરી શક્યા છીએ.

શ્રી અબ્રાહમ લિંકનના જીવનચરિત્રને નાની પુસ્તિકારૂપે આપ સૌના સુધી પહોંચાડવાનો અમારો નમ્ર પ્રયાસ છે. આશા છે કે કેન્દ્રનો આ પ્રયાસ આપ સૌને ગમશે.

વર્ષ 2011-12 માં વિઝન ગ્રીન વિશે પ્રવૃત્તિઓ યોજીશું.




આ પુસ્તિકામાં પ્રદર્શિત ચિત્રો વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત વિવિધ સંસ્થાઓના વિદ્યાર્થીઓએ સ્વયં દોરેલાં છે. વિવિધ સંસ્થાઓમાં વર્ષ દરમ્યાન થયેલ પ્રવૃત્તિ તથા કાર્યક્રમના ફોટોગ્રાફસ પણ પ્રદર્શિત છે.

## વર્ષ દરમ્યાન થયેલ વિવિધ પ્રવત્તિઓ કેમેરાની નજરે





ક્વિઝ-વિનયમંદિર




ક્વિઝ - શ્રી રાજમણિ પ્રા.શાળા





ક્વિઝ - શ્રી જૈન શિશુશાળા



પેનલ કાર્ય

## અબ્રાહમ લિંકન



કોલંબસે 1442ની સાલમાં અમેરિકાખંડની શોધ કરી. એટલેન્ટિક અને પ્રશાંત મહાસાગરની વચ્ચે આવેલા અને છેક ઉત્તરધ્રુવના પ્રદેશથી માંડીને લગભગ દક્ષિણ ધ્રુવના પ્રદેશ સુધી વિસ્તરેલા, એ વિશાળ ખંડમાં યુરોપિયનો જવા લાગ્યા. પ્રથમ ત્યાં ખ્રિસ્તી મિશનરીઓ ગયા, પછી તેમની પાછળ પાછળ સાહસિક વેપારીઓ ગયા. આ બધા જ અર્થોપાર્જન માટે ત્યાં ગયેલા. એ ભૂમિને પોતાની બનાવવા નહીં, પરંતુ 1620ની સાલમાં એક વહાણ એટલેન્ટિક મહાસાગર ઓળંગીને, એજ મહાસાગરના સામા કિનારા પર આવેલા ઉત્તર અમેરિકાના નિર્જન અને સૂનકાર સ્થળે લાંગર્યું. એ વ્હાણનું નામ મે-ફ્લાવર હતું અને તેના ઉતારુઓ યુનાઈટેડ સ્ટેટના ઈતિહાસમાં અને જગતના ઈતિહાસમાં પણ (પિલગ્રિમફાધર્સ) ના આદરયુકત નામથી ચિરંજીવ થયા. (आत्मार्थे पृथिवीं त्यजेन् ) એ સૂત્રને અનુસરીને તેઓ અમેરિકાના વતની બન્યા.

અબ્રાહમ લિંકન અમેરિકાના ઈતિહાસમાં અમર થઈ ગયા. કહેવાય છે કે જો મહાત્મા ગાંધી ન હોત તો ભારતને અહિંસક આઝાદી ન મળી હોત. તેવી જ રીતે જો અબ્રાહમલિંકન ન હોત તો અમેરિકાખંડની અખંડિતતા આજે ન હોત. આવા મહાન વ્યક્તિના જીવન વિશે જાણવું એક લ્હાવો છે.

ઈ.સ.1620ની સાલમાં ઈંગ્લેન્ડથી તેમના વડવાઓ વહાણમાં આવી અમેરિકાના વતની થયા. તેઓ પિલગ્રિમફાધર્સ, તરીકે ઓળખાયા. આ વંશાવલીમાં અબ્રાહમલિંકનનો જન્મ થયો. સમય હતો 1809 ફેબ્રુઆરીની 12મી તારીખ. તેમની માતાનું નામ નેન્સી અને પિતાનું નામ ટોમસ હતું. અબ્રાહમ લિંકનના જન્મ સમયે તેમના માતા-પિતા નોલિનફ્રીકમાં 18"X 12" ફૂટની લાકડાની ઓરડીમાં રહેતાં હતાં. પિતા સામાન્ય સુથારી કામ કરતા હતા. માતા ઘરકામ કરતી. અબ્રાહમનું બાળપણનું નામ એબ હતું. મોટીબેન સારા હતી.







## સંસ્કાર બીજ

દિવસના કામથી પરવારી, રાત્રે વાળુ કર્યા પછી, નાન્સી ટોમસ તથા બંને બાળકો તેમની કોટડીની બહાર તાપણું કરીને બેસતાં એ વખતે ટોમસ બાળકોને જૂના જમાનાની ચિત્ર-વિચિત્ર અને રોમાંચક વાતો કહેતો. વાતો કહેવાની તેનામાં સહજ આવડત હતી. જયારે નાન્સી રવિવારના દિવસે બંને બાળકોને ભગવાન ઈસુની વાતો કહેતી.

નાના એબને એ વાતોમાં ખૂબ રસ પડતો. ટોમસનો સંસાર દુન્યવી દૃષ્ટિએ, કંગાળિયતનો અજોડ નમૂનો હતો. પરંતુ નોબફ્રીકમાં તેના રહેઠાણની આસપાસ કુદરતે પોતાની સમૃદ્ધિ છૂટે હાથે વેરી હતી.વૈવિધ્યપૂર્ણ અને વિપુલ પ્રકૃતિને ખોળે એબનું બાળપણ વીત્યું. માતા તરફથી દયા, કરુણા, પ્રેમ તેમજ ધર્મના સંસ્કારો મળ્યા હતા. તો પિતા તરફથી સ્વદેશભક્તિ વારસામાં મળી હતી. એબના પિતા ટોમસ યુનાઈટેડ સ્ટેટમાં કેટલાંક રાજયોમાં પ્રવર્તતી ગુલામીની અમાનુષી પ્રથાના કટ્ટર વિરોધી હતા.




## શિક્ષણ

નોબફ્રીકમાં કોઈ પદ્ધતિસરની શાળાઓ હતી નહીં. પરંતુ કોઈ શિક્ષક આવે અને આજુબાજુના વિસ્તારમાં રહેતા બાળકોને ભેગા કરી ભણાવે તેવું બનતું. એબને થોડોક સમય માટે આવી શાળામાં ભણવા મળ્યું. પાસે સ્લેટ કે પેન તો હતી નહીં એટલે રેતીમાં ઘરની દિવાલો પર લખીને તેણે લખવા, વાંચવાનું શીખી લીધું. સત્તર વર્ષની ઉંમર સુધીમાં માંડ એકાદ વર્ષ શાળામાં ગયેલ એબે મોટાભાગનું શિક્ષણ સ્વપ્રયત્ને, અનુભવે અને વાંચન દ્વારા મેળવેલું. કોઈપણ નવા પુસ્તકની ભાળ મળે તો ગમે તેટલું ચાલીને જઈને પણ આ પુસ્તક લઈ આવી તે વાંચતા. જેમજેમ ભાષા ઉપર, વિવિધ વિષયો ઉપર પકડ આવતી ગઈ તેમ તેમ તેના જ્ઞાનમાં વધારો થયો અને કાયદાની પરીક્ષા પાસ કરી વકીલ બન્યો.




જયોર્જ વોશિંગ્ટનના જીવનચરિત્રની અબ્રાહમલિંકન પર ખૂબ અસર પડેલી. અબ્રાહમલિંકન પોતે લખે છે કે ''અંગ્રેજ લશ્કર સામેના યુદ્ધમાં જયોર્જ વોશિંગ્ટને જે વીરતા દાખવી, પારાવાર હાડમાર વેઠી, પોતાના જાન કુરબાન કર્યા તેની છાપ, આપણા સ્વાતંત્ર્ય સંગ્રામની બીજી કોઈપણ ઘટના કરતાં મારા સ્મૃતિપટ પર વધારે ઊંડી અસર અંકિત થઈ છે.''

## રાજકારણમાં પ્રવેશ



સૌ પ્રથમ ઈલિનોબ રાજયના સેંગમોન કાઉન્ટીના વિસ્તારમાંથી અબ્રાહમ લિંકને ધારાસભાના સભ્યપદ માટે ઉમેદવારી નોંધાવી. તે સેંગમોન કાઉન્ટીના ઘણાખરા લોકો, તે વખતના યુનાઈટેડ સ્ટેટ્સના પ્રમુખ એન્ડ્રુજેક્શનના પ્રશંસકો અને અનુયાયીઓ હતા તથા તેના ડેમોક્રેટિક પક્ષના હિમાયતી હતા. જયારે લિંકન વીગ પક્ષના સમર્થ, ઉદારચિરત અને દીર્ઘદર્શી રાજપુરુષોનાં સિદ્ધાંતોથી પ્રેરાઈ વીગ પક્ષમાં જોડાયા હતા. અહીંના લોકો વીગ પક્ષના કટ્ટર વિરોધી હોવા છતાં લિંકને ૩૦૦માંથી ૨૭૭ મત મળ્યા હતા. લોકોના માટે પક્ષ કરતાંય લિંકનનું મહત્ત્વ વધારે હતું. જો કે આ ચૂંટણી તેઓ હારી ગયા હતા.

ઈલિનોય ધારાસભાની ચૂંટણી દર બે વરસે થતી. આથી, ચૂંટણીનો સમય આવ્યો ત્યારે ૧૮૩૪ની એપ્રિલની ૧૯મી તારીખે લિંકને ફરીથી ઈલિનોયની ધારાસભામાંથી પોતાની ઉમેદવારી વીગ પક્ષ તરફથી નોંધાવી. આ વખતે તેઓ વિજયી થયા અને રાજકારણમાં સક્રિય પ્રવેશ મેળવ્યો.

ચૂંટણી પૂરી થયા બાદ લિંકન પોસ્ટમાસ્તરના, મોજણીદારના તેમજ કાયદાના અભ્યાસના કામે લાગ્યા. બ્લેક હોક સામેના યુદ્ધ વખતે લિંકન એક ટુકડીના કેપ્ટન બન્યા હતા.

આ વખતે સ્ટુઅર્ટ નામના વકીલનો લિંકનને ભેટો થયેલો. સ્ટુઅર્ટને લિંકનમાં રહેલી બુદ્ધિમત્તા, કામ કરવાની ધગશ, પ્રામાણિકતા અને સચ્ચાઈનાં દર્શન થયાં. તેણે લિંકનને વકીલ થવા માટે પ્રોત્સાહન આપ્યું. તેણે પોતાનાં પુસ્તકો લિંકનને વાંચવા માટે આપ્યાં.

હેન્રી ઈ. ડુમ્મેર નામનો સ્પ્રિંગફિલ્ડનો વકીલ કહે છે : ''લિંકન સ્પ્રિંગફિલ્ડની સ્ટુઅર્ટની અને મારી ઓફિસે ન્યૂસાલેમથી ઘણીવાર આવતો અને કાયદાનાં પુસ્તકો લઈ જતો. કેટલીકવાર તે ચાલતો આવતો, પણ ઘણુંખરું ઘોડા પર બેસીને આવતો. તેના જેવો અણઘડ માણસ મેં કદી જોયો નથી. તેના ચહેરા પર વિષાદ અને ગમગીનીની છાયા નજરે પડતી. પણ ક્યારેક તે વાત કરે તો બધું અદૃશ્ય થઈ જતું અને પોતે સબળ અને તીક્ષ્ણ બુદ્ધિવાળો છે તેની પ્રતીતિ તે કરાવતો. તેની પ્રત્યેક મુલાકાત વખતે તે અમને વધુ ને વધુ અચંબા પમાડતો.''



૧૮૩૪ થી ૧૮૪૨ સુધી, એટલે કે આઠ વરસ સુધી ઈલિનોયની ધારાસભાનો તે સભ્ય રહ્યા. એટલું જ નહીં ૧૮૩૬ની સપ્ટેમ્બરની નવમી તારીખે ઈલિનોય રાજયની સઘળી અદાલતોમાં વકીલાત કરવાની સનદ તેમને મળી.





## ન્યાયની વકીલાત



લિંકન ન્યુસાલેમથી વકીલાત કરવા સ્પ્રિંગફિલ્ડ તરતા લાકડાની પેઠે સ્પ્રિંગફિલ્ડમાં આવી ચડ્યા હતા. પરંતુ અહીં મિ. સ્પીડે તેમને મદદ કરી પોતાનો ઓરડો રહેવા આપ્યો અને જમવા માટે તેના મિત્ર બટલરનું ઘર હતું. અહીં તેમણે વકીલાત શરૂ કરી. એમાં તેમને દમનનો, અન્યાયનો ભોગ બનેલાઓને મદદરૂપ થવાની મનગમતી તક સાંપડી, ફીનો કે બીજા કશાનો પણ વિચાર કર્યા વગર એવા લોકોને પડખે ઊભા રહેવાને તે સદા તત્પર રહેતા. એક ગરીબ વિધવા બાઈની જમીન જનરલ એડમ્સ નામના વકીલે પચાવી પાડી. લિંકને જરૂરી તપાસ કરી આ જમીન તે વિધવાને પાછી અપાવી. આ પછી વકીલ તરીકેની તેમની ખ્યાતિ ચોમેર ફેલાઈ. મુશ્કેલી અને મૂંઝવણમાં આવી પડેલા ગરીબ લોકો લિંકન પાસે આવતા અને તેની આગળ વિના સંકોચે નિર્ભયપણે પોતાનું દિલ ખોલીને હળવા થતા.

તેમની દેખરેખ નીચે કાયદાનો અભ્યાસ કરવા ઈચ્છતા એક યુવાનને લિંકને શિખામણ આપી હતી, તે આજે પણ વિદ્યાર્થી વર્ગને પ્રેરણાદાયી થાય તેવી છે. વકીલ થવાનો તમે દૃઢ નિશ્ચય કર્યો હોય તો જાણજો કે, એ દિશામાં તમે અડધી ઉપરાંત મજલ કાપી છે. પછી તમે કોઈની દેખરેખ નીચે વાંચો કે એકલા વાંચો એ વસ્તુ ગૌણ છે. મેં તો કોઈનીયે મદદ વિના વાંચ્યું હતું. જોઈતાં પુસ્તકો મેળવી તે વાંચો અને તેના મહત્ત્વના મુદ્દાઓ બરાબર સમજાય ત્યાં સુધી તેનો અભ્યાસ કરો. એ જ વસ્તુ મહત્ત્વની છે. અભ્યાસ કરવા માટે કોઈ શહેરમાં હોવું જરૂરી નથી. સફળ થવાનો તમારો દૃઢ સંકલ્પ એ બીજી કોઈ પણ વસ્તુ કરતાં વધારે મહત્ત્વનો છે.



## ઘર સંસાર



મેરીટોડ સાથે લિંકન લગ્નગ્રંથિથી જોડાયા. મેરીટોડ સાથેનું લિંકનનું લગ્નજીવન સુખમય ન હતું. બંને વિરોધાભાસી વિચારો ધરાવતા હતા. તેમના લગ્નજીવનની શરૂઆતના છ વર્ષમાં લિંકન ચાર સંતાનોનો પિતા બન્યા. શરૂઆતના લગ્નજીવનમાં કલેશમય વાતાવરણ રહ્યું પણ સમય જતાં બંને એકબીજાની વધારે નજીક આવ્યા. ઘરસંસારના ખટરાગ વચ્ચે પણ એકબીજા પ્રત્યેની નિષ્ઠા અને વફાદારી થકી તેમની જીવન નૌકા હેમખેમ રહી.

લિંકને ઈલિનોય રાજયની ધારાસભામાં સતત આઠ વરસ સુધી સફળ, યશસ્વી અને યાદગાર સેવા બજાવી હતી. હવે કોંગ્રેસમાં જઈ રાષ્ટ્રીય ભૂમિકા પર કાર્ય કરવાની તેમની પ્રબળ ઈચ્છા હતી. ઈ.સ. ૧૮૪૬ના મે ની પહેલી તારીખે ઈલિનોય રાજયના વીગ પક્ષના કન્વેન્શનલમાં કોંગ્રેસ માટેના પક્ષના ઉમેદવાર તરીકે વિધિપૂર્વક તેમને પસંદ કરવામાં આવ્યા. સામાપક્ષે પીટર કાર્ટરાઈટે ડેમોક્રેટિક પક્ષનો પ્રભાવશાળી અને ત્યાંના લોકોમાં વગ ધરાવનાર લિંકનના હરીફ હતા. તે તેના આગ ઝરતાં ભાષણો માટે જાણીતો હતો.

ચૂંટણી પ્રચાર દરમિયાનનો લિંકનનો નિડરતા, નૈતિકતા માટેનો એક પ્રસંગ ખૂબ જ જાણીતો છે. કાર્ટરાઈટ એક સ્થળે ચૂંટણી ઝુંબેશના ભાગરૂપે ધાર્મિક વ્યાખ્યાન આપવાનો હતો. મિત્રોની ચેતવણી અવગણીને લિંકન એ સભામાં ગયા. આ લાગ જોઈને, લિંકનને સપડાવવા અને તેમને સાણસામાં લેવા, કાર્ટરાઈટે એક યુક્તિ કરી. સભાજનોને ઉદ્દેશીને તેણે કહ્યું : 'જેઓ નવું જીવન જીવવા, પોતાનું હૃદય ઈશ્વરને સમર્પણ કરવા તથા સ્વર્ગમાં જવા ઈચ્છતા હોય તે બધા ઊભા થાય.' લિંકન સિવાય તમામ સભાજનો ઊભા થઈ ગયા. પછી તેણે કહ્યુ: 'જેઓ નરકમાં જવા ન ઈચ્છતા હોય, તે બધા ઊભા થાય.' આ વખતે પણ લિંકન સિવાય બધા જ સભાજનો સફાળા ઊભા થઈ ગયા. પછી બહુ જ ગંભીર અવાજે કાર્ટરાઈટ બોલ્યો : મિ. લિંકન, તમે કયાં જવા માંગો છો, એ હું પૂછી શકું?'



લિંકને ઊભા થઈને જવાબ આપ્યો: 'હું આપનું ધાર્મિક પ્રવચન આદરપૂર્વક સાંભળવાને આવ્યો હતો. કાર્ટરાઈટ મને નિશાન બનાવીને અળગો પાડશે, એ હું નહોતો જાણતો. ધાર્મિક બાબતો ઘટતી ગંભીરતાથી હાથ ધરવામાં હું માનું છું. હું કયાં જવાનો છું એ કાર્ટરાઈટ મને સીધેસીધું પૂછે છે, એટલી જ સીધેસીધી રીતે હું જવાબ આપવા ઈચ્છુ છું કે હું કોંગ્રેસમાં જવા માંગુ છું.'

આવા નિખાલસ અને રોકડા જવાબથી, સભાજનો પર, કાર્ટરાઈટે ધારી હતી એથી ઊલટી જ અસર થઈ અને મોટાભાગના સભાજનો તેમની તરફેણમાં થઈ ગયા. આમ, અણધારી રીતે લિંકનને નવા મતદારો અનાયાસે મળી ગયા.

ચૂંટણીનું પરિણામ બહાર પડયું ત્યારે લિંકન મોટી બહુમતીથી ચૂંટાયા. આમ હવે તેમને કોંગ્રેસમાં સ્થાન મળ્યું. તે વોશિંગ્ટન ગયા. વળી પછી આ મુદત પૂરી થતાં વકીલાતના પોતાના વ્યવસાયમાં રોકાયા. પોતાને જે જોઈએ છે તે જે માને છે તેવું રાજકારણમાં નથી. રાજકારણ તેમને અસત્યના વેપાર જેવું લાગ્યું. તેમને તેમાંથી નિવૃત્તિ લઈ વકીલાત શરૂ કરી. પરંતુ તેઓ વોશિંગ્ટનથી આવ્યા પછી તો ચાર કે પાંચ વર્ષ દરમિયાન તેમના અંતરમાં થવા પામેલા ફેરફારોને પ્રજાના હૃદય અને ચિત્તમાં થવા પામેલા ફેરફારો સાથે નિકટનો સંબંધ હતો. એ કટોકટીના ગાળા દરમ્યાન, તેમના અંતરના ઊંડાણમાં મંથન અને ગડમથલ ચૂપચાપ અને સૌની નજર બહાર ગુપ્તપણે નિરંતર ચાલ્યા જ કરતાં હતાં. લિંકન પોતે એકાંતમાં હોય, હાસ્યવિનોદ કરતા હોય તો પણ વ્યગ્રિત અને ચિંતિત થઈને પોતાના દેશના ભાવિ વિશે વિચારતા.





## રાષ્ટ્રવ્યાપી વિવાદ

૧૮૫૪ની સાલમાં, કેન્સાસ તથા નેબ્રાસ્કાના પ્રદેશોએ સંઘરાજયમાં દાખલ થવાની માંગણી કરી. એ બંને પ્રદેશો, મિસૂરીના સમાધાને ઠરાવેલી રેખાની ઉત્તરે આવેલા હતા. અને તેથી તેમાં ગુલામી દાખલ કરવાની સર્વથા મનાઈ હતી. તેમછતાં, પ્રમુખપદ માટે દક્ષિણવાળાઓની મદદ અને શુભેચ્છા મેળવવાને, એ પ્રદેશોમાં ગુલામી વિસ્તારવા માટેના માર્ગ મોકળો કરતું કેન્સાસ-નેબ્રાસ્કા નામનું બિલ ડગ્લાસે કોંગ્રેસમાં રજૂ કર્યું. આ બિલમાં ડગલાસે એવી જોગવાઈ કરી કે પોતાના રાજયની સીમાની અંદર ગુલામીની પ્રથા રાખવી કે ના રાખવી તે નક્કી કરવાનો દરેક રાજયના નાગરિકનો મૂળભૂત હક્ક છે. તેણે પ્રજાના સાર્વભૌમત્વનો સિદ્ધાંત એવું રૂડુંરૂપાળું નામ આપ્યું. ડગલાસના આ બિલે, પ્રજાના સાર્વભૌમત્વના સિદ્ધાંતના ઓઠા નીચે, ગુલામી જેવા અતિશય તકરારી વિવાદાસ્પદ અને આખા દેશને સ્પર્શતા મહત્ત્વના સવાલનો નિર્ણય મૂઠીભર સ્થાનિક લોકોના હાથમાં સોંપી દીધા. મિસૂરી સમાધાને ગુલામીવાળા અને ગુલામીવગરના પ્રદેશો વચ્ચે સ્પષ્ટ રેખા દોરી આપી હતી. ડગલાસના આ બિલે એ રેખા ભૂંસી નાંખી અને જે પ્રદેશમાં ગુલામીનો સદંતર નિષેધ કરવામાં આવ્યો હતો. તેમાં ગુલામી વિસ્તારવાનો માર્ગ મોકળો કરી આપ્યો.



મિસૂરીના સમાધાનની નાબૂદી, લિંકનની નજરે અત્યાચાર સમાન હતી. લિંકન કહે છે, એ વસ્તુએ, રાત્રે આગના નગારાના અવાજની પેઠે મને જગાડયો. એમાં લિંકને પોતાના દેશનો વિનાશ જોયો. એ અટકાવવા પોતાનાથી બનતું બધું કરી છૂટવા, તેમણે ફરી રાજકારણમાં ઝંપલાવ્યું.

## રિપબ્લિકન પાર્ટીના સૂત્રધાર



દક્ષિણનો એક ગોરો, ડ્રેડ સ્કોટ નામના પોતાના ગુલામને લઈને ઉત્તરના ગુલામી રહિત રાજયમાં રહેવા આવ્યો હતો. ડેડસ્કોટે યુનાઈટેડ સ્ટેટની સુપ્રીમકોર્ટમાં એવો દાવો કર્યો કે પોતે ગુલામીરહિત રાજયમાં રહેતો હોવાથી પોતાને ગુલામીમાંથી મુક્ત કરવો જોઈએ. સુપ્રીમકોર્ટે તેનો આવો દાવો રદ કરી, એવો અભિપ્રાય વ્યક્ત કર્યો કે ગુલામ એ વ્યક્તિ નથી પણ તેના માલિકની જંગમ મિલકત છે. એટલે એને કોઈપણ કાયદો લાગુ ન કરી શકાય. આવા કાયદાથી ઉત્તરમાં ગમે ત્યાં ગુલામો રાખવાની છૂટ મળી ગઈ. મિસૂરી-સમાધાનના ભંગથી અને આ ચુકાદાથી લિંકનનો ન્યાયનિષ્ઠ આત્મા કકળી ઉઠયો. તેમણે જોયું કે, એ બંને બાબતો, અમેરિકાના રાજય બંધારણનો દેખીતો ભંગ કરનારી છે. આખા દેશને ઉદ્દેશીને તેમણે પોકાર કર્યો કે, 'આપસમાં ફૂટ પડી હોય એવું ઘર લાંબો કાળ ટકી શકે નહીં.' કટોકટીના સમયમાં લિંકને કરેલા પોકારના પડઘા આખા દેશમાં ફરી વળ્યા અને નજીક આવતી આફત વિશે લોકોને એકઠા થયા અને યુનાઈટેડ સ્ટેટ્સમાં રિપબ્લીકન પાર્ટી, નામના નવા રાજકીય પક્ષનો જન્મ થયો. લિંકન તેનો સૂત્રધાર બન્યા.



લિંકન અને ડગલાસ વચ્ચેના વાદ-વિવાદે, આખા દેશનું ધ્યાન ખેંચ્યું. થોડા જ સમયમાં લિંકન આખા અમેરિકામાં જાણીતા થઈ ગયા. દેશના આગેવાન અને દીર્ઘદર્શી રાજપુરુષ તરીકે હવે તેમની ગણના થવા લાગી. રિપબ્લીકન પક્ષના સિદ્ધાંતોના પ્રચાર માટે યુનાઈટેડ સ્ટેટ્સના બીજા રાજયોમાંથી પણ તેમને આમંત્રણ મળવા લાગ્યાં. તે જયાં ગયા ત્યાં, પોતાની સચ્ચાઈ, નિખાલસતા, ધ્યેય પરાયણતા અને ગમે તે ભોગે દેશને જોખમમાંથી ઉગારવાની ધગશથી તેને લોકોનાં હૃદય જીતી લીધાં.

છઠ્ઠી નવેમ્બરે, યુનાઈટેડ સ્ટેટ્સની પ્રજાએ પોતાનો પ્રમુખ ચૂંટવાને મતદાન કર્યું. ત્યારે, ડગલાસ વિશે લિંકને કરેલી આગાહી અક્ષરશઃ સાચી પડી. ઉત્તરના લોકો તો ડગલાસના ગુલામીની તરફેણના વલણથી દુભાયા જ હતા, પણ તેમને રીઝવવા માટે તેણે ગુલામીની બાબતમાં કેટલાક દ્વિઅર્થી ઉદ્‌ગારો કાઢયા હતા, તેથી દક્ષિણના લોકો ચોંકી ઊઠ્યા અને તેના પ્રત્યે શંકાની નજરે જોવા લાગ્યા. આથી પ્રમુખપદ માટે પોતાનો ઉમેદવાર નક્કી કરતી વખતે, ડગલાસ ઉપર વિશ્વાસ ન રાખતાં તેમણે પોતાનો અલગ ઉમેદવાર ઊભો કર્યો. વીગ પક્ષે પણ પોતાનો અલગ ઉમેદવાર ઊભો કર્યો. પ્રમુખપદ માટે લિંકન, ડગલાસ સહિત ચાર ઉમેદવાર હતા. જેમાં લિંકન બહુ ભારે બહુમતીથી ચૂંટાયા.



પ્રમુખની જગ્યા લેવા જતાં પહેલાં તે પોતાની સ્નેહાળ અપરમાને મળવા ગયા. પોતાના જૂના મિત્રોને ભાવથી ભેટયા. તેમની અપર માતા અને મિત્ર પત્ની હેનાએ તેને અશ્રુભીની વિદાય આપી.

વોશિંગ્ટન જવા તેઓ સ્ટેશન ઉપર પહોંચ્યો ત્યાં તો તેમને વળાવવા આખું સ્પ્રિંગફિલ્ડ સ્ટેશન પર ઉમટયું હતું. જનતાનો આ નિરપેક્ષ પ્રેમ જોઈ તેમનું હૈયું ભરાઈ આવ્યું અને તેમની આંખ ભીની થઈ.

સત્તા ભલભલા માણસને પણ દૂષિત કરે છે. અમેરિકાની સમગ્ર પ્રજાનું ભાવિ લિંકનના હાથમાં હતું. અમેરિકાના પ્રમુખને આપખુદ રાજાશાહી જેટલી સત્તાઓ આપવામાં આવેલી છે. પરંતુ એ સત્તાનું રસાયણ લિંકનને વિષમ કરવાને અસમર્થ નીવડયું. એમના સ્વભાવની મીઠાશ અને નમ્રતા, દીનદુ:ખી માટેની એમની ઊંડી હમદર્દી, એમનું અદમ્ય પરગજુપણું વર્ણ અને વર્ગના ભેદભાવ વિહોણો એનો એકસરખો સમભાવ, એમની અસાધ્ય ઉદાસીનતા અને વિરોધીઓ પ્રત્યેની અનિવાર્ય અવેરવૃત્તિ, તેણે છેવટ સુધી જાળવી રાખ્યાં.










લિંકન પ્રમુખ ચૂંટાયા પછી, છ અઠવાડિયા બાદ, દક્ષિણના સાઉથ કેરોલિના રાજયે યુનાઈટેડ સ્ટેટ્સના સંઘરાજયમાંથી નીકળી જવાની પહેલ કરી. એ પછી દક્ષિણમાં બીજા છ ગુલામીપ્રથાવાળાં રાજયો પણ સંઘરાજયમાંથી નીકળી ગયાં. ૧૮૬૧ના ફેબ્રુઆરીની ૪થી તારીખે, છૂટાં પડી ગયેલાં દક્ષિણનાં એ રાજયોએ પોતાના અલગ રાજયની સ્થાપના કરી અને તેને કોન્ફેડરેટ સ્ટેટ્સ ઓફ અમેરિકા એવું નામ આપ્યું. જેફર્સન ડેવિસને તેનો પ્રમુખ ચૂંટવામાં આવ્યો. એ પછી બીજા ચાર રાજયો તેમાં જોડાયા. આમ એકંદરે અગિયાર રાજયો યુનાઈટેડ સ્ટેટ્સના સંઘરાજયમાંથી નીકળી ગયાં. ચૂંટાયેલો પ્રમુખ લિંકન, લાચાર બનીને આ બધું નિહાળી રહ્યા હતા. કારણકે ૪થી માર્ચે તેઓ પ્રમુખનો વિધિવત્ હોદ્દો ધારણ કરવાના હતા. ચૂંટાયેલા પ્રમુખ લિંકનની એકમાત્ર ચિંતા, ગમે તે ભોગે, યુનાઈટેડ સ્ટેટ્સની એકતા તથા તેનું રાજબંધારણ ટકાવવાની હતી. લિંકને પ્રમુખનો હોદ્દો સંભાળ્યા પછી દક્ષિણનાં આ રાજયોને સમજાવવા માટે મૈત્રીનો હાથ લાંબો કર્યો. પરંતુ મૈત્રીની અપીલનો પડઘો ઝીલવાનો સાફ ઈન્કાર કર્યો. એટલું જ નહીં સંઘરાજય સામે યુદ્ધની તૈયારી શરૂ કરવા મંડી પડયા. અધૂરામાં પૂરું, એ વખતે સંઘરાજયની સરકારનાં સૂત્રો પણ દક્ષિણવાસીઓનાં હાથમાં હતાં. અમેરિકાનાં બંધારણ અનુસાર, ચૂંટણી થયે ચાર માસ પછી, નવા પ્રમુખ પોતાનો હોદ્દાનો હવાલો સંભાળે છે. આ ચાર માસ દરમિયાન જૂના પ્રમુખે સંઘરાજયમાંથી છૂટા થઈ રહેલા રાજયો માટે કોઈ પગલાં ન લીધાં. ઉપરથી તેમની લડાયક તૈયારી સામે આંખ આડા કાન કર્યા. રાજયની તિજોરી તળિયાજાટક કરી. આમ, પ્રમુખ થયા પછી જ લિંકનના જીવનની આકરી કસોટી શરૂ થઈ.



ઉત્તરના લોકો ગુલામીને તત્કાળ નાબૂદ કરવા માંગતા હતા અને દક્ષિણના લોકો તેને વિસ્તારવા માંગતા હતા. આ બંને માંગણીઓ ગેરવાજબી હતી. પ્રમુખ તરીકે લિંકનની પ્રથમ અને સર્વોપરી ફરજ, દેશની એકતા અને અખંડિતતા રાખવાની હતી; ઉત્તરનાં રાજયો દક્ષિણ તરફ સત્વરે યુદ્ધ જાહેર કરવાની માંગણી કરતા હતા, પરંતુ લિંકન તેમ કરવા પણ તૈયાર નહોતા. (સરકાર કદી પણ તમારા પર હલ્લો કરનાર નથી) તેવો કોલ તેને હોદ્દો ધારણ કરતાં આપેલો. તે તેના વચન પર અવિચલ હતો. દક્ષિણના લોકોએ યુદ્ધ શરૂ કરી દીધું. સ્ટમ્ટરના કિલ્લા પરથી સંઘરાજયનો ધ્વજ તોડી પાડયો. હવે ઉત્તરના લોકોનું સ્વાભિમાન ઘવાયું. ત્યાં દક્ષિણ પ્રત્યે ભારે રોષની લાગણી ભભૂકી ઊઠી. સર્વત્ર પક્ષના ભેદભાવ ભૂલાઈ ગયા અને દેશની એકતા જાળવવા માટે આવી પડેલું યુદ્ધ અંત સુધી લડી લેવા સૌ એકત્ર થયા. લિંકને ૭૫,૦૦૦ સ્વયં સેવકોની માંગણી કરી. ટૂંક સમયમાં એથી પણ વધારે સ્વયંસેવકો નોંધાયા. ગુલામીના સવાલમાંથી આંતરવિગ્રહનો દાવાનળ ભભૂકી ઊટયો.



## રાષ્ટ્રપિતા લિંકન




મેકલીનની દીર્ઘસૂત્રી યુદ્ધનીતિથી કંટાળીને લિંકને ગ્રાન્ટ નામના સેનાપતિને યુનાઈટેડ સ્ટેટ્સના સમગ્ર લશ્કરની સરદારી સોંપી. સદ્‌ભાગ્યે લિંકનની આ પસંદગી સફળ નીવડી, અનેક પરાજયો પછી, હવે યુદ્ધની ભરતીનાં પાણી ઊલટી દિશામાં વહેવા લાગ્યા. દરેક મોરચા ઉપર હવે વિજયના સમાચાર આવવા લાગ્યા. પરિસ્થિતિ એટલી હદે પલટાઈ કે અંતિમવિજય હવે હાથવેંતમાં છે તેવું લાગવા માંડયું.

ઉત્તરના લોકોને હવે પોતાના અદ્વિતીય નેતાની મહત્તા સમજાઈ, કે એ યુદ્ધ કેવળ અમેરિકાની અખંડતા કાયમ રાખવા માટે નહીં પણ માનવમાત્રની સ્વતંત્રતા કાયમ રાખવા લડાતું હતું.

## પિતા એબ્રહામ

તેઓ સૈનિકોના અતિશય પ્રીતિપાત્ર પિતા બન્યા. તેમની ઊંડી ઉતરી ગયેલી પણ કરુણાપૂર્ણ આંખોમાં અને વિષાદમય મંદહાસ્યમાં, તેમના વિષેની અપાર મમતા અને તેમના કષ્ટો માટે અગાધ સહાનુભૂતિ તેમણે ભાળ્યાં. યુદ્ધ દરમિયાન લિંકન સૈન્યની મુલાકાતે જતા કોઈપણ જાતના સંકોચ વિના તેમના ખબર અંતર પૂછતા. ઘર, ખેતીવાડી વિશે વાતો કરતા. બધા સૈનિકો લિંકનના ભકત બન્યા અને 'પિતા એબ્રહામ' કહીને સંબોધવા લાગ્યા.

### *લિંકનને અર્પણ*

સાંભળજો સૌ નાનાં મોટાં,
આવી છું કંઈક કહેવા,
વાત કરું છું સૌથી નિરાળી,
એ છે દિગ્ગજ નેતા
૧૮૦૯માં જન્મ થયોને.
મુસીબતોનો ન પાર,
ન મળ્યો સહકાર,
સ્વપ્રયત્ને આગળ આવવાનો ભાર
અમેરિકા રાષ્ટ્રને આપ્યો નવો આકાર.
૧૫ વાર હાર્યા ચૂંટણી,
છતાં ન દીધી મચક સસ્તી,
જેરુસનો એમને મળ્યો સંદેશ,
ને બન્યા ૧૬ મા રાષ્ટ્રપતિ,
ગરીબોની વ્હારે સદાએ આવ્યા,
અમેરિકાના ઘડવૈયા કહેવાયા,
વ્યક્તિત્વની આ છે માત્ર રૂપરેખા,
બહુવિધ જીવન તે જીવ્યાં,
ગરીબોના સર્વસ્વ બેલી બન્યા,
લિંકન ત્યારથી જ કહેવાયા.
૧૮૬૫માં મૃત્યુ પામ્યા,
સંકેલી દીધી સઘળી જીવનલીલા,
આજીવન રહ્યા અકિંચન
નામછે અબ્રાહમલિંકન.

- જાગીરદાર પારૂલ એફ.
મ.શિ. શ્રી રાજમણિ પ્રા.શાળા, પાલનપુર







## ગુલામોના મુક્તિદાતા



યુદ્ધમાં પોતાનો વિજય નિશ્ચિત જણાતાં, લિંકનના વિચારો ગુલામોની મુક્તિ તરફ વળ્યા. એ અરસામાં પોતાના એક મિત્રને લખેલા પત્રમાં તેઓ જણાવે છે કે 'ગુલામીની પ્રથા જો ખરાબ ન હોય તો આ દુનિયામાં બીજું કશું જ ખરાબ નથી.' યુદ્ધ પૂરું થતાં પહેલાં જ એ જાહેરનામું બહાર પાડી તેમણે ગુલામોને મુક્ત કર્યા. હવે તેમની પ્રમુખ તરીકેની મુદત પૂરી થવા આવી હતી. બીજીવાર પણ તેઓ પ્રમુખ તરીકે ચૂંટાયા. હવે તે દક્ષિણના કે ઉત્તરના કશા ભેદભાવ વિના, પ્રજાશરીર પર થયેલા કારમા ઘા રૂઝવવા તથા ઉભય પક્ષે યુદ્ધમાં માર્યા ગયેલાઓનાં નિરાધાર બાળકો, વિધવા પત્નીઓ અને અસહાય માતા-પિતાની સંભાળ લેવાના વિચારોમાં તે ગૂંથાયો.

થોડા જ વખતમાં દક્ષિણની રાજધાની રિચમંડ પડયું અને સૈન્યનો વડો જનરલ લી પોતાના બાકીના સૈન્ય સાથે નાસી છૂટયો. લિંકને એ પછી તરત જ રિચમંડની મુલાકાત લીધી. અહીં પોતાના દેવતુલ્ય મુક્તિદાતાના દર્શન માટે કેટલાયે સમયથી આતુરતાથી તલસતાં હબસીઓનાં ટોળાં તેમની આસપાસ ફરી વળ્યાં. ભક્તિભાવ અને આભારની લાગણીથી ગદગદિત થઈ તેઓ તેમની આગળ ઘૂંટણિયે પડયાં તેમણે તેમના પગ ચૂમ્યા. ગઈકાલની પોતાની પરાધીનતા ભૂલીને આ પુણ્યપુરુષની હાજરીમાં, તેઓ સાવ નિર્ભય બની ગયા. ગીચ મેદનીમાં આગળ વધવાની જગ્યા ન રહેતાં લિંકને હાથ ઊંચા કર્યા. સર્વત્ર શાંતિ પથરાઈ. હબસીઓના એ વિરાટ માનવ સમુદાયને ઉદ્દેશીને તેઓશ્રી બોલ્યા, 'મારા રંક મિત્રો, તમે સ્વતંત્ર છો. ગુલામ નામનો શબ્દ ફેંકી દઈ તમારા પગ નીચે તમે ચગદી શકો છો. ૧૮૬૫ની જુલાઈની ૯મી તારીખે ભીષણ આંતરયુદ્ધનો અંત આવ્યો. દેશભરમાં આનંદ છવાયો. ખુનામરકી અટકવાથી લિંકનના હૃદયનો ભાર હળવો થયો અને તેઓ ભાવિના સુખી દિવસોના સ્વપ્નો જોવા લાગ્યા.

પણ લિંકનનું આ સ્વપ્ન સ્વપ્નદશામાં જ રહ્યું. વિજયના હર્ષમાં વોશિંગ્ટનમાં રંગરાગ ચાલી રહ્યા હતા. તેમાં ભાગ લેવાને એક દિવસ પ્રમુખ માટે પણ નાટક જોવાનો કાર્યક્રમ યોજાયો હતો. લિંકન અને તેમની પત્ની ચૌદમી એપ્રિલની રાત્રે થિયેટરમાં તેમને માટે મુકરર કરેલી જગ્યાએ બેસી નાટક જોઈ રહ્યાં હતાં. એવામાં દશ વાગ્યાના સુમારે પાછળથી પિસ્તોલનો ભડાકો થયો. બૂથ નામના દક્ષિણના એક ઝનૂની નટે લિંકનના મગજમાં ગોળી ધરબી દીધી. એપ્રિલની પંદરમી તારીખે સવારે તેમણે દેહ છોડયો. પાસે બેઠેલા યુદ્ધમંત્રીએ કહ્યું, 'હવે તે અમર થઈ ગયા.' કાળા-ગોરા કે ઉત્તર-દક્ષિણના કશાયે ભેદભાવ વગર આખું અમેરિકા શોક સાગરમાં ડૂબી ગયું.




લિંકનના મરણથી અમેરિકાએ પોતાનો પનોતો પુત્ર ને ખોયા, હબસીઓએ પોતાના તારણહાર ખોયા અને જગતે એક સત્યકામ, સત્યસંકલ્પ અને સત્યનિષ્ઠ ધર્માત્મા ખોયા.

# અબ્રાહમ લિંકન - જીવન-દર્શન પ્રકલ્પ વર્ષ

## ઉદ્‌ઘોષણા

વર્ષ ૨૦૧૦-૧૧

અબ્રાહમ લિંકન જીવન-દર્શન પ્રકલ્પ વર્ષ તરીકે

ઉદ્‌ઘોષણા કરતા

માન. પુનિત દિક્ષિત,

નિવૃત્ત સિનિયર સાયન્ટીટ્સ, ઈસરો,બેંગલોર

તથા અન્ય મહાનુભાવો.



## આયોજન અને અનુકાર્ય કેમેરાની નજરે



Smt. M. M. Mehta English Medium

કેન્દ્રના આયોજન અને અમલીકરણ તેમજ અનુકાર્ય માટે કેન્દ્ર સતત પ્રવૃત્ત રહે છે. દર માસના અંતે દરેક સંસ્થામાં થયેલ પ્રવૃત્તિઓ સ્પર્ધાઓ યોગ્ય સમયે પૂર્ણ થાય તે માટે દરેક સંસ્થાની મુલાકાત લેવામાં આવે છે અને યોગ્ય સૂચનો કરવામાં આવે છે.શ્રી ગોદડભાઈ સાગ્રાસણિયાના માર્ગદર્શન હેઠળ કેન્દ્ર પોતાના આઉટપુટ માટે સતત સજાગ રહે છે.



Shri Jain Balmandir/Smt.K.R.Parikh Balmandir



Shri C.K.Mehta College of Primary Education



Shri K.J.Mehta College of Pre-Primary Education



Shri Rajmani Primary School



Mamtamandir



Shri Vividhlakshi Vidyamandir
Shri K.M.Chokshi High.Sec.School



# ગાંધી બુદ્ધ સ્વાધ્યાય કેન્દ્રના ઉપક્રમે એબ્રાહમ લિંકન જીવન-દર્શન વર્ષની ફલશ્રુતિ

એબ્રાહમ લિંકન જીવન દર્શન પ્રકલ્પ વર્ષ દરમ્યાન ટ્રસ્ટ સંચાલિત તમામ સંસ્થાઓમાં નીચેની પ્રવૃત્તિઓ તથા સ્પર્ધાઓ થઈ.

## પ્રવૃત્તિઓ

- પ્રાર્થના સભામાં વકતવ્યો
- ચિત્ર તેમજ પોજેક્ટ પ્રદર્શન
- પ્રસંગ કથન
- ક્વિઝ
- સ્પર્ધાઓ , રીડીંગ શિબિર
- વાર્તાલાપ -પ્રોજેક્ટ કાર્ય
- ડ્રોઈંગ તથા સ્કેચિંગ
- આલ્બમ મેકીંગ
- લિંકનના જીવન પર પેનલ કાર્ય
- ૨૬મી જાન્યુઆરીના દિવસે શ્રી જૈન શિશુશાળા, શ્રી રાજમણિ પ્રા.શાળા, EMS Lower Primary -1 to 4, વિનયમંદિરે એબ્રાહમ લિંકન જીવન પર શિવમ્ અંક પ્રકાશિત કર્યો.

## સ્પર્ધાઓ :

(1) વકતૃત્વ (2) પ્રસંગ કથન (3) પ્રસંગ લેખન (4) નિબંધ લેખન (5) પ્રોજેક્ટ બનાવવા (6) ક્વિઝ ટેસ્ટ (7) ક્વિઝ (8) ચિત્ર સ્પર્ધા (9) ડિબેટ કમ્પીટીશન (10) આલ્બમ મેકીંગ (11) અંક નિર્માણ

ગાંધી બુદ્ધ સ્વાધ્યાય કેન્દ્રના ઉપક્રમે એબ્રાહમ લિંકન જીવન પ્રકલ્પ વર્ષ
ટ્રસ્ટ સંચાલિત સંસ્થાઓના પુરસ્કૃત વિદ્યાર્થીઓ

| Sr. | Institution | Total Competitors | First prize | Second prize | Third prize |
|---|---|---|---|---|---|
| 1 | Shri C. R. Mehta Balmandir | 57 | 2 | 2 | 2 |
| 2 | Smt. K. R. Parikh Balmandir | 45 | 2 | 2 | 1 |
| 3 | Shri Jain Balmandir | 80 | 2 | 2 | 2 |
| 4 | Matushri M.R.Mehta Balmandir | 91 | 2 | 2 | 2 |
| 5 | Smt. M. M. Mehta English Medium Balmandir | 61 | 2 | 2 | 2 |
| 6 | Smt. I.R.Mehta 'Anand Niketan' | 52 | 2 | 2 | 2 |
| 7 | Shri Rajmani Primary School (Std. 1 & 2) | 871 | 10 | 10 | 36 |
| 8 | Shri Jain Shishushala (Std. 3 & 4) | 621 | 12 | 12 | 40 |
| 9 | Smt. M. M. Mehta Eng. Med. School (1 to 4) | 365 | 11 | 11 | 6 |
| 10 | Smt. M. M. Mehta Eng. Med. School (5 to 7) | 532 | 4 | 4 | 4 |
| 11 | Smt. M. M. Mehta Eng. Med. School( 8 to 12) | 468 | 4 | 4 | 4 |
| 12 | Vinaymandir | 317 | 15 | 15 | 46 |
| 13 | Shri Vividhlakshi Vidyamandir | 154 | 9 | 10 | 12 |
| 14 | Shri K.M.Chokshi High.Sec.School | 62 | 4 | 4 | 4 |
| 15 | Shri M.K.Mehta School for the Visually Impaired | 123 | 4 | 4 | 4 |
| 16 | Maa Shravanvani Mukbadhir Vidyalaya | 488 | 12 | 12 | 17 |
| 17 | Shri K.J.Mehta College of Pre-Primary Education | 94 | 3 | 3 | 9 |
| 18. | Shri C.K.Mehta College of Primary Education | 86 | 5 | 4 | 12 |
| 19. | Shri D.D.Choksi College of Secondary Education | 66 | 4 | 4 | 4 |
| | Total | 4633 | 109 | 109 | 209 |